ક્રમાંક: ઉશીક/પીએસ/2016/ 4845-5282
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં-૧૨, બીજે માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા22/૦૪/૨૦૧૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, બિનસરકારી અનુદાનિત, બિન-અનુદાનિત કોલેજો,
તમામ.

વિષય : IIT-Bombay દ્વારા Spoken Tutorial Program અંતર્ગત ચલાવવામાં આવતા સ્કિલ બેઝ્ડ -આઈ.ટી કોર્સિસનો કોલેજોના વિદ્યાર્થીઓનેમહત્તમ લાભ આપવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ભારત સરકારશ્રીના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા કોલેજોમાં અભ્યાસ કરતાં B.A/B.Com/B.Sc/Law/Education સ્ટ્રીમના વિદ્યાર્થીઓમાં આઈ.ટી સ્કીલનો વિકાસ થાય તે હેતુથી સમગ્ર દેશ માટે IIT-Bombayને નોડલ એજન્સી બનાવીને વિવિધ કોર્સિસ શીખવવામાં આવે છે. આ પ્રકારના કોર્સ વિદ્યાર્થીઓ Self Learning – Distance Modeમાં શીખી શકે છે. તથા આ કોર્સિસ માટે વિદ્યાર્થીઓએ કે કોલેજે કોઈપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી. આપની કોલેજના વિદ્યાર્થીઓ કોલેજ સમય પહેલા કે બાદમાં આપની કોલેજની કોમ્પ્યુટર કે ડેલ લેબમાં આ કોર્સિસ શીખી શકશે જેના માટે ઇન્ટરનેટની પણ જરૂરત નથી તથા કોર્સને અંતે ઓનલાઈન પરીક્ષા લીધા બાદ તેઓને જે તે કોર્સ અંગેનું પ્રમાણપત્ર IIT-Bombay દ્વારા આપવામાં આવશે જે તેઓની કારકિર્દીમાં ખુબજ ઉપયોગી થશે. ગત તા. 19/04/2016ના રોજ સંધાન કાર્યક્રમ અંતર્ગત IIT-Bombay દ્વારા આ કોર્સ આપની કોલેજમાં શરૂ કરવા માટે શું કરવું જોઈએ તેનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

ગુજરાત રાજ્યની કોલેજોમાં અભ્યાસ કરતાં મહત્તમ વિદ્યાર્થીઓ આ કોર્સિસનો લાભ મેળવી શકે તેવા શુભ આશયથી જૂન-2016થી શરૂ થતાં નવા શૈક્ષણિક સત્રમાં તમામ કોલેજોમાં આ કોર્સિસ ચાલુ થાય તેવી અપેક્ષા છે. નવા શૈક્ષણિક વર્ષથી ઉક્ત કોર્સિસ ચાલુ કરવા માટે Spoken Tutorial Program માટેની વેબસાઇટ http://spoken-tutorial.org પર કોલેજનું રજીસ્ટ્રેશન તેમજ વર્ષ દરમ્યાનનું પ્લાનિંગ કરવું જરૂરી છે. આથી આગામી તા. 15/05/2016 સુધીમાં રજીસ્ટ્રેશન તેમજ પ્લાનિંગ કરાવી લેવા રાજ્યની તમામ સરકારી, બિનસરકારી અનુદાનિત તથા બિન-અનુદાનિત કોલેજોને જણાવવામાં આવે છે. રજીસ્ટ્રેશન તેમજ અન્ય વિગતો માટે આપ IIT-Bombayના Madhukriti Srivastava: 7738378229/madhukriti@gmail.comનોસંપર્ક કરી શકો છો.

AY

કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ
ગુ.રા., ગાંધીનગર.